# 39

**"ગોવિંદ ગુરુ-લીમડી" તાલુકાની નવ રચનાની દરખાસ્ત બાબત**

***15/4/163 શ્રી મહેશભાઈ ભુરીયા(ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે: –**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનું વિભાજન કરી નવીન " ગોવિંદ ગુરુ-લીમડી " તાલુકાની નવ રચના માટેની દરખાસ્ત સરકારમાં પડતર છે, તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) | હા, |
| (૨) | જો હા, તો ઉકત નવા તાલુકાની રચના કરવા અંગે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ? | (૨) | મહેસુલ વિભાગમાંથી વિવિધ મુદ્દાની પુર્તતા સારૂ તા-૧૪/૧૨/૨૦૨૧ના પત્રથી દરખાસ્ત સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીને મોકલી આપેલ હતી.<br><br>સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરી દ્વારા તા-૧૮/૦૨/૨૦૨૨ના પત્રથી પૂર્તતા અર્થે વિકાસ કમિશ્નરશ્રીને અને કલેક્ટરશ્રી દાહોદને જણાવેલ.<br><br>મદદનીશ વિકાસ કમિશ્નરશ્રીએ તા-૦૪/૦૩/૨૦૨૨ના પત્રથી વધુ સ્પષ્ટતા કરવા સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીને જણાવેલ.<br><br>સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીના તા.૦૬/૦૪/૨૦૨૨ના પત્રથી વિકાસ કમિશ્નરશ્રીના પત્ર આધારે વધુ સ્પષ્ટતા અર્થે દરખાસ્ત કલેક્ટરશ્રી, દાહોદને મોકલી આપેલ<br><br>કલેક્ટરશ્રી દાહોદ દ્વારા તા-૧૦/૦૮/૨૦૨૩ના પત્રથી પુર્તતા કરી દરખાસ્ત સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીને મોકલી આપેલ.<br><br>સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીના તા-૩૧/૦૮/૨૦૨૩ના પત્રથી વિકાસ કમિશ્નરશ્રીના અભિપ્રાય મેળવવા અર્થે દરખાસ્ત મોકલી આપેલ છે. |

--------------